ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

# વોટ્સએપ-ફેસબુક પર ત્રિરંગો છવાયો

## સ્વાતંત્ર્યતા દિવસ નજીક આવવાથી લોકો એકબીજાને પોતાના પ્રોફાઈલ ચિત્રમાં ત્રિરંગો રાખવા અનુરોધ કરી રહ્યા છે : કેટલાક મેસેજમાં આ આતંકવાદીઓની વાઈરસ ફેલાવી ડેટા ચોરી કરવાની ચાલ હોવાનું ગણાવાઈ રહ્યું છે

ગાંધીનગર, તા. ૧૧

આજકાલે વોટ્સએપ અને ફેસબુક જેવા




સોશ્યલ મીડીયામાં રોજ નવા નવા ટ્રેન્ડ જોવા મળી રહ્યા છે. હજુ રક્ષાબંધન માંડ પતી છે ત્યાં તો આ મીડીયા પર લોકોને હવે સ્વાતંત્ર્યતા દિવસ આવી રહ્યો હોઈ દેશભક્તિનું ઘોડાપુર ઉમટી આવ્યું છે અને લોકો એકબીજાને પોતાના પ્રોફાઈલ પિક્ચરમાં ત્રિરંગા ધ્વજનું ચિત્ર રાખવા અનુરોધ કરી રહ્યાં છે.

વોટ્સએપ અત્યારના મોબાઈલ ધારકોમાં સૌથી વધુ વપરાતી એપ છે અને આ એપ દ્વારા લોકો એકબીજા સાથે સતત કોન્ટેક્ટમાં રહી શકે છે એટલું જ નહિ પરંતુ ફોટો, વીડીયો કે અન્ય માહિતી ખુબ જ ઝડપથી શેર પણ કરી શકે છે. હાલ વોટ્સ એપ પર લોકોને દેશભક્તિનું શુરાતન ચઢ્યું છે. તેનું કારણ એ છે કે ભારતનો સ્વાતંત્ર્યતા દિવસ નજીક આવી રહ્યો છે. અત્યારે વોટ્સએપ વાપરતા યુઝર્સ તેમના મિત્રો કે સગા સંબંધીઓને અને જે ગૃપમાં જોડાયેલા હોય તેમના સભ્યોને દરેકને પોતાના વોટસએપના પ્રોફાઈલ ચિત્ર એટલે કે ડાઉનલોડ પિક્ચર જેને ડીપી પણ કહેવાય છે તેમાં ત્રિરંગાનું ચિત્ર રાખવા અનુરોધ કરાઈ રહ્યો છે. આ ડીપીમાં લોકો મોટે ભાગે પોતાનો અથવા પોતાના નજીકના સગા જેવા કે પુત્ર-પુત્રી,પત્ની કે પ્રેયસીનું ચિત્ર રાખતા હોય છે પરંતુ હાલ તેની જગ્યાએ ત્રિરંગો રાખવાનો ક્રેઝ છવાયો છે. જેના કારણે મોબાઈલમાં વોટ્સએપ ચાલુ કરતા ત્રિરંગાની લાઈન છવાઈ જાય છે. આજ રીતે ફેસબુક અને ટ્વીટર પર પણ પ્રોફાઈલ ચિત્રમાં ત્રિરંગો રાખવાની ફેશન હાલ ખૂબ જ ચલણમાં આવી છે.

● અનુસંધાન પાન-૭ પર

# સિવિલમાં એક્સ-રે માટે લાઈનો

## મેરા નંબર કબ આયેગા : ગાંધીનગરની સિવિલ હોસ્પિટલમાં એક જ ડીઝીટલ એક્સ-રે મશીન હોવાથી દર્દીઓને અઢી-ત્રણ કલાક લાઈનમાં ઉભુ રહેવું પડે છે. દર્દીઓની ભીડના લીધે રોજ તકરારનો માહોલ સર્જાય છે





ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગરની સિવિલ હોસ્પિટલ એ સમગ્ર જિલ્લાના દર્દીઓ માટે સારવાર મેળવવાનું પસંદગીનું સ્થળ છે. અહીં દિવસભર મોટી સંખ્યામાં દર્દીઓ પોતાની વિવિધ બિમારીઓ કે અકસ્માતોથી થયેલ ઈજાઓ અંગે સારવાર લેવા આવે છે. પરંતુ જિલ્લાની આ મુખ્ય સિવિલ હોસ્પિટલ હોવા છતાં અહીં સુવિધાઓના નામે હજુ પણ ઘણી પછાત છે. આ હોસ્પિટલમાં હાલ એક જ ડીઝીટલ એક્સ-રે મશીન હોવાથી દર્દીઓની લાંબી લચ્ચક લાઈનો લાગે છે અને લગભગ અઢી-ત્રણ કલાકે દર્દીનો નંબર આવે છે. જેના કારણે અહીં વારંવાર તકરારનો માહોલ પણ સર્જાય છે.

વહેલી સવારથી જ જ સિવિલ હોસ્પિટલમાં દર્દીઓની ભીડ સારવાર લેવા માટે જામે છે. અહીં સારવાર લેવા માટે દર્દીએ પહેલા કેસ બારીની લાઈનમાં ઉભા રહીને કેસ કઢાવવો પડે છે પછી જે તે ઓપીડી રૂમમાં જઈને તેની લાઈનમાં બેસીને ડૉક્ટરની રાહ જોવાની અને એ ડૉક્ટર સાહેબ હાજર હોય તો પોતોના નંબર આવે તેની રાહ જોવાની હોય છે. ત્યાર બાદ જો ડૉક્ટર દર્દીને તપાસી લે તો પછી દવા લેવા માટે લાઈનમાં ઉભા રહેવાનું. આમ સમગ્ર પ્રક્રિયામાં લગભગ ત્રણ થી લઈને પાંચ લાક સુધીનો સમય લાગી જાય છે. એટલે દર્દી એક તો બિમાર હોય એમાં થાકીને ઠુસ્સ થઈ જાય અને તેની સાથે આવેલ સગાનો પણ આખો દિવસ એક કામમાં વપરાઈ જાય છે.

એમાં પણ જો કેસ ઓર્થોપેડીકને લગતો હોય અને તબીબ એક્સ-રે પડાવવાનું લખે એટલે તો દર્દીના મોતિયા જ મરી જાય. કારણ કે એક્સ-રે વિભાગમાં સૌ પહેલા કેસ નંબર નોંધવાની બારીએ જવાનું ત્યાંથી તપાસ કેસ પેપર પર એક્સ-રે નો ચાર્જ લખી આપે એટલે તે પૈસા ભરવાની બારીએ જવાનું ત્યાં પણ લાઈન તો લાગી જ હોય છે. આ પતાવ્યા પછી ફરી કેસ નોંધવાની બારીએ જઈને પહોંચ બતાવી કેસ પેપર પર સિક્કો મરાવી નંબર લખાવવાનો ત્યાર બાદ એક્સ-રે પડાવવાની લાઈનમાં ઉભા રહેવાનું જેમાં ક્યારે નંબર લાગે તેનો ભગવાન જ જાણે. લગભગ અઢી થી ત્રણ કલાકની આ પ્રક્રિયામાં દર્દી અને તેના

● અનુસંધાન પાન-૭ પર

## ખૂણે... ...ખાંચરેથી

- ગાંધીનગર મહાનગરપાલિકામાં આજે વાહન પાર્કિંગના મુદ્દે બોલાચાલી અને મારામારી સુધી મામલો પહોંચ્યો હતો જો કે પાછળથી સમાધાન થયાનું કહેવાય છે.
- ગાંધીનગરના જાણીતા એડવોકેટ અને બ્રહ્મસમાજના અગ્રણી શ્રી હિતેશ ત્રિવેદી(ઉવારસદ)નું દુઃખદ અવસાન થતાં વકીલોમાં શોકની લાગણી પ્રસરી છે.
- ગાંધીનગર જિલ્લા પંચાયતના ભાજપના સભ્યો આજે પ્રભારી મંત્રી શ્રી નીતિન પટેલની મુલાકાતે હતા.
- ગાંધીનગર જિલ્લા પંચાયત મહિલા અસ્મિતા દિવસની ઉજવણીમાં નિર્મળ ભારત અભિયાન અંતર્ગત શૌચાલયોના લક્ષ્યાંક પૂર્ણ કરનાર ૨૦ મહિલા સરપંચોનું વિશિષ્ટ સન્માન કરાયું હતું.
- આજે રાજ્યપાલશ્રી ઓ.પી. કોહલીને એરમાર્શલ દલજીતસિંઘ વચ્ચે શુભેચ્છા મુલાકાત યોજાઈ હતી.

# દિલ્હીથી આવેલી ટીમે રેલવે સ્ટેશનમાં જમીન માપણી કરી

## આગામી દિવસોમાં કઈ નવું આયોજન હાથ ધરાય તેવી સંભાવના

ગાંધીનગર, તા.૧૧

કેપીટલ રેલવે સ્ટેશન વિસ્તારમાં ગત સપ્તાહ દરમિયાન દિલ્હીથી આવેલી ખાસ ટીમ દ્વારા જમીન માપણી કરવામાં આવી હતી. અગાઉ પણ મુંબઈથી આવેલી ટીમે સ્ટેશનની સ્થળ સ્થિતિ અંગે અભ્યાસ કર્યો હતો. જો કે ટીમ મુલાકાતના અંતે પણ કોઈ એકશન લેવાયા નથી ત્યારે જમીન માપણી કયા કારણોસર થઈ તે પણ એક સંશોધનનો વિષય છે.

ગાંધીનગર રેલવે સ્ટેશને વિકસાવવા કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. આમ છતાં કેપીટલ સ્ટેશનને પાટનગરના દરજ્જાને છાજે તેવું બનાવવા હજુ ઘણું બધું ખૂટે છે. એક બાજુ સ્ટેશનને નવી ટ્રેઈનો ફાળવવા રજૂઆત કરવામાં આવી રહી છે ત્યારે સ્ટેશન પર યાત્રિકો સંબંધી સુવિધાઓના નામે પણ મીંડુ જોવા મળે છે. આ સઘળી બાબતે રેલવે વિભાગ અને રેલ મંત્રાલય સાથે સમયાંતરે પત્ર વ્યવહારના માધ્યમથી સતત રજૂઆતો થતી આવી છે ત્યારે રેલવે સ્ટેશન પર હાથ ધરાતી તમામ ગતિવિધિઓ પણ આમ નાગરિકોમાં ઉત્સુકતા જન્માવે છે. થોડા સમય અગાઉ મુંબઈની રેલવે ટીમે કેપીટલ સ્ટેશનની મુલાકાત લઈ સ્થળ સ્થિતિ અંગે જરુરી અભ્યાસ હાથ ધર્યો હતો જયારે ગત સપ્તાહ દરમિયાન પણ દિલ્હીથી આવેલી ટીમે સ્ટેશન વિસ્તારમાં જમીન માપણી કરી હતી આ કાર્યવાહીના અંતે રેલવે તંત્ર દ્વારા આગામી દિવસોમાં કઈ ગતિવિધિ હાથ ધરાશે તે મામલે ચિત્ર સ્પષ્ટ થયું નથી પરંતુ તાજેતરમાં મુખ્યમંત્રી દ્વારા પણ ગાંધીનગર રેલવે સ્ટેશનના વિકાસની ચિંતા સેવી નવી ટ્રેઈનો ફાળવવા કેન્દ્રીય રેલવે મંત્રીને રજૂઆત કરવામાં આવી છે ત્યારે કેપીટલ સ્ટેશનના જરુરી વિકાસ સાથે યાત્રિકોલક્ષી નવી સુવિધા ઉભી થાય તેવી શકયતા છે. મહાત્મા મંદિર અસ્તિત્વમાં આવ્યા બાદ સ્ટેશનલક્ષી આનુસંગિક સુવિધાઓ ઉભી કરવા પણ ગતિવિધિઓ તેજ બની હોવાનું મનાઈ રહ્યું છે.

# હાઈ સિક્યુરીટી નંબર પ્લેટ માટે બીજા તબક્કામાં કેમ્પનું આયોજન

ગાંધીનગર, તા.૧૧

આર.ટી.ઓ. દ્વારા નવા વાહનોમાં હાઈ સિક્યુરીટી નંબર પ્લેટ ફીટ કરવા માટે ઓગષ્ટના અંતમાં કલોલ ખાતે કેમ્પ યોજવામાં આવશે અગાઉ પણ બાકી રહેતા નવા વાહનોમાં હાઈ સિક્યુરીટી નંબર પ્લેટ લગાવવા કેમ્પ યોજવામાં આવ્યો હતો. આ મામલે વાહનમાલિકોમાં જાગૃતિ કેળવાય તેવા પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે.

વાહન વ્યવહાર વિભાગ દ્વારા વાહનોમાં હાઈસિક્યુરીટી નંબર પ્લેટ લગાવવાની નવી પધ્ધતિ શરુ કરવામાં આવી છે. ગાંધીનગર આર.ટી.ઓ. કચેરીમાં પણ નવા વાહનોમાં આવી નંબર પ્લેટ ફીટ કરવા અલાયદુ કાઉન્ટર શરુ કરવામાં આવ્યું છે. હાઈ સિક્યુરીટી નંબર પ્લેટ વાહનની સલામતીની દૃષ્ટિએ પણ મહત્વની હોવાનું સ્પષ્ટ થયું છે. જયારે નંબર પ્લેટની નવી પ્રથા અમલમાં મુકાયા બાદ પણ ઘણા નવા વાહનો હાઈ સિક્યુરીટી નંબર પ્લેટ વગરના હોવાનું ધ્યાને આવતા આર.ટી.ઓ. તંત્ર દ્વારા આવા વાહનોને આવરી લેવા વિશેષ

● અનુસંધાન પાન-૭ પર

# ભારે વરસાદ દરમિયાન જિલ્લામાં ૮૯ હજાર રોપાઓને નુકશાન

## જિલ્લામાં ૧૦૮ વૃક્ષો ધરાશાયી થયા : આજે સેકટરોમાં વૃક્ષયાત્રા નીકળશે રોપાઓનું વિતરણ કરાશે

ગાંધીનગર, તા.૧૧

ચોમાસા દરમિયાન જિલ્લામાં અત્યાર સુધી ૧૦૮ વૃક્ષો ધરાશાયી થયા છે જયારે ભારે વરસાદના સંજોગોમાં નર્સરીમાં ૮૯ હજાર રોપાઓને નુકશાન થયું છે. કલોલમાં ગત દિવસોમાં થયેલા અતિ ભારે વરસાદના લીધે વાવેતર કરાયેલા ૧૭૯૪ રોપાઓને નુકસાન થયું હોવાનું સ્પષ્ટ થયું છે.

ગાંધીનગર જિલ્લામાં ચોમાસા દરમિયાન અનેક ઠેકાણે વૃક્ષો ધરાશાયી થયા હોવાનું ધ્યાને આવ્યું છે જયારે અત્યાર સુધી વરસાદના બે રાઉન્ડમાં જિલ્લામાં કુલ ૧૦૮ વૃક્ષો જમીનદોસ્ત થયા હોવાનું માલુમ પડયું છે. જેમાં ગાંધીનગર શહેરમાં ૧૧ વૃક્ષોના મુળિયા ઉખડી ગયા છે જયારે ગાંધીનગર તાલુકામાં ૬૪, દહેગામ તાલુકામાં ૧૭ અને માણસામાં ૧૨ તેમજ કલોલમાં ૪ વૃક્ષો વરસાદી દિવસોમાં ધરાશાયી થયા છે. વન વિભાગના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી માહિતી અનુસાર જિલ્લામાં અતિ ભારે વરસાદના સંજોગોમાં નર્સરીમાં વાવેતર અર્થેના ૮૯ હજાર રોપાઓને નુકશાન થવા પામ્યુ છે. જયારે કલોલ તાલુકામાં વાવેતર કરાયેલા ૧૭૯૪ જેટલા રોપાઓને પણ વરસાદમાં નુકશાન થયું છે. ચોમાસા દરમિયાન ગાંધીનગર વન વિભાગ વિસ્તારમાં વાવેતરની પ્રક્રિયા પૂર્ણ કરી દેવાઈ છે. અંદાજિત ૯૦૦ હેકટરથી વધુ જગ્યામાં રોપાઓનું વાવેતર કરી દેવાયું છે. આ ઉપરાંત નર્સરી કક્ષાએથી પણ ૩૫ લાખ રોપાઓનું વિતરણ કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. જિલ્લા કક્ષાના વન મહોત્સવની ઉજવણીને લઈ ગત તા. ૨ ઓગષ્ટના રોજ સેકટરોમાં રોપાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. વન વિભાગ દ્વારા તા. ૧૨ અને ૧૩ ઓગષ્ટના રોજ પણ સેકટરોની શેરીઓમાં વૃક્ષયાત્રાના માધ્યમથી રોપાઓનું વિતરણ કરવામાં આવશે. આ અન્વયે સેકટરોમાં ઉંટલારીઓ ફરતી થશે. આમ નાગરિકોને આ વ્યવસ્થાનો લાભ લેવા પણ જણાવાયું છે.



ટ્રાફીક જામ - ગાંધીનગરના હાર્દસમા સેક્ટર-૨૪માં આવેલ હોલસેલ શાકમાર્કેટમાં દરરોજ અસંખ્ય વાહનોની અવરજવર થતી હોય છે... આજુબાજુના ગ્રામ્ય વિસ્તારમાંથી શાકભાજી લઈને આવતા વાહનો ગમે ત્યાં ઉભા રાખી ટ્રાફીક સમસ્યા ઉભી કરે છે... સેક્ટર-૨૪માં આ ટ્રાફીક સમસ્યા વસાહતીઓ માટે શીરદર્દ સમાન છે... દ્વિચક્રી વાહનોને પસાર થવામાં પણ મુશ્કેલી સર્જાય છે... આ સમસ્યા વહેલી તકે ઉકેલાય તેવી સર્વેની માગણી ઉઠી રહી છે. (તસવીર : કશ્યપ નિમાવત)

# ગાંધીનગરના અગ્રણી ઉદ્યોગપતિ સ્ટેટ ઈન્ડસ્ટ્રીઝ ફેડરેશનમાં સેક્રેટરી પદે બિનહરીફ

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગરના અગ્રણી ઉદ્યોગપતિ અને અનેકવિધ સેવાઓ સાથે સંકળાયેલ સંગીનીતા ગ્રૃપ ઓફ ઈન્ડસ્ટ્રીઝના સીએમડી તથા



સંગીનીતા ફાઉન્ડેશનના મુખ્ય ટ્રસ્ટી ગુજરાત સ્ટેટ સ્મોલ ઈન્ડસ્ટ્રીઝ ફેડરેશનના સેક્રેટરી તરીકે શ્રી દિનેશસિંહ ચાવડા બિનહરીફ ચૂંટાઈ આવેલ છે. તેઓએ સને ૨૦૧૧ થી ૨૦૧૪ સુધી આ પદ પર સેવાઓ આપેલ છે અને સને ૨૦૧૪ થી ૨૦૧૭ સુધી જ્યારે આ સંસ્થા ચાલુ વર્ષે ૫૦ વર્ષ પૂર્ણ થતા તેનું સુવર્ણજતંતિ વર્ષ ઉજવી રહ્યું છે ત્યારે તેઓ આ પદ પર તેમની નોંધપાત્ર સેવાઓ અને અસરકારક વ્યક્તિત્વના પ્રતાપે બિનહરીફ વિજયી બન્યા છે.

સંસ્થાની સ્થાપના ૧૯૬૫માં શેઠ શ્રી અરવિંદ નરોત્તમ લાલભાઈ દ્વારા કરવામાં આવેલ છે અને હાલમાં ગુજરાત રાજ્યના ત્રણ લાખ પચાસ હજાર (૩.૫૦ હજાર) કરતાં વધુ ઔદ્યોગિક એકમો અને એસોસીયેશનોનું પ્રતિનિધિત્વ ધરાવે છે. રાજ્ય અને કેન્દ્ર સરકાર સાથે તેમજ ઈન્ડસ્ટ્રીઝ વિભાગ સાથે ઉદ્યોગ જગતના પ્રશ્નો અને સવલતો તથા માળખાકીય સગવડો અને બજેટમાં નાણાંકીય સવલતો અંગે સંગઠન દ્વારા અને વ્યક્તિગત ધોરણે શ્રી ચાવડા દ્વારા અસરકારક રજુઆત કરવામાં આવે છે.

શ્રી ચાવડાના વ્યક્તિગત અને સંગઠન મારફતે કરવામાં આવેલ અસરકારક રજુઆતને ધ્યાનમાં લઈને રાજ્ય અને કેન્દ્ર સરકાર દ્વારા ચાલુ વર્ષના નાણાંકીય બજેટમાં ઉદ્યોગો માટે અનેકવિધ રાહતો જેવી કે નવી જીઆઈડીસીના નિર્માણ, નવા ઉદ્યોગોને નાણાંકીય સહાય દ્વારા

● અનુસંધાન પાન-૭ પર

# પાલજમાં ચૂડવેલોના ઉપદ્રવથી ગ્રામજનો ત્રાહિમામ

ચિલોડા, તા. ૧૧

ગાંધીનગરના નદી કિનારાના ગ્રામ પંથક પાલજ ખાતે થોકબંધ નીકળી આવેલી ચૂડવેલ જીવાતના ત્રાસથી ગ્રામજનો હેરાન-પરેશાન થઈ જવા પામ્યા છે. હાલ ચોમાસાના કારણે ભેજવાળા વાતાવરણમાં નદી કિનારાના કોતરોવાળા વિસ્તારમાં આ જીવાતનો ઉપદ્રવ ખૂબ વધી જવા પામ્યો છે.

## રસ્તા ઘરના આંગણા, દિવાલો અને છતો પર ઠેર ઠેર ચૂડવેલો જ ચૂડવેલો : ઘરમાં રસોઈ કરવી અને ભૂલકાઓને આંગણવાડીમાં ભણવુ મુશ્કેલ બન્યું

પાલજ ગામમાં હાલ તો ગ્રામવાસીઓ માટે ખૂબ જ હેરાનગતિના દિવસો ચાલી રહ્યા છે. જ્યાં જુઓ ત્યાં દિવાલે, આંગણામાં, છત પર અને રસ્તા પર બસ ચૂવેલો જ ચૂડવેલો.આ ચૂડવેલો પગમાં કચડાય છે, આંગણામાંથી રસોડા સુધી આવી જાય છે, ખાટલા ઉપર ચડી જાય છે જેના કારણે રસોઈ રાંધવામાં અને અન્ય કામકાજ કરવામાં પણ મુશ્કેલી પડી રહી છે. એટલું જ નહી પરંતુ રાત્રે સુવા માટે પરેશાનીનો સામનો કરવો પડી રહ્યો છે. આ ચુડવેલોના ઉપદ્રવથી ગામની મહિલાઓ ખુબ પરેશાન થઈ જવા પામી છે અને દિવસભર થોડી થોડીવારે સાવરણી લઈને આ જિવાતને હટાવવાનું કામ કરવુ પડે છે જેથી અન્ય કાર્યો થઈ શકતા નથી તેમજ આ એક કામના લીધે થાકીને ઠૂસ થઈ જઈ રહી છે.

ચૂડવેલોના ત્રાસથી બચવા એક લોટ દળવાની ઘંટીના માલિકે લોટના પાળા બનાવી રાહત મેળવવા પ્રયાસ કર્યો છે પરંતુ તેમાં તેને અંશતઃ સફળતા મળી છે. હાલ તો આ જીવાત પાલજમાં ઠેર ઠેર ઉપદ્રવ વધી ગયો છે. જેમાં ગામના રામજી મંદિર,

● અનુસંધાન પાન-૭ પર

ADITYA BIRLA GROUP
લીકેજ-મુક્ત ઘરો માટે
UltraTech SEAL & DRY Total Waterproofing Solution
Waterproofing ka champion
શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
BIRLA TYRES Unbeatable! CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, ૨૩૨૨૩૦૪૭, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૯૯૦૪૦ ૦૦૬૮૯

SANGHI CEMENT · KisaN · ashirvad · C. PVC, UPVC · TATA STEEL • PIPES • SHEETS · VINAYAK 500 TMT BARS - ISI · BENELAVE BATH FITTINGS · DR.FIXIT
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com